**અગ્રતા ક્રમ:** **૨૭**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૪/૧૧૬૦

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૧૨/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક:** **પોરબંદર જિલ્લામાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર:** **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર)**

## પોરબંદર જિલ્લામાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા.

*15/4/1160 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા**(પોરબંદર)**: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૮૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની અને ૨૨૦ શાળાઓમાં વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ન હતી, તે સુવિધા જેમ બને તેમ ઝડપથી ઉપલબ્ધ કરાવવાની હતી તો તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ઉકત શાળાઓમાંથી કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ ૧૩૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને ૧૫ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત–વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ)ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે:

| **તાલુકો** | **કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની)** | **કોમ્પ્યુટર લેબ ઉપલબ્ધ છે તેવી શાળાઓની સંખ્યા** | **કોમ્પ્યુટર લેબ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા** | **કોમ્પ્યુટર લેબ ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા** |
|---|---|---|---|---|
| કુતિયાણા | ૫૩ | ૧૧ | ૧૭ | ૨૫ |
| પોરબંદર | ૧૧૭ | ૨૫ | ૪૬ | ૪૬ |
| રાણાવાવ | ૫૬ | ૧૧ | ૨૦ | ૨૫ |
| **કુલ** | **૨૨૬** | **૪૭** | **૮૩** | **૯૬** |

| તાલુકો | કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની) | ગણિત–વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ઉપલબ્ધ છે તેવી શાળાઓની સંખ્યા | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગણિત–વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ઉપલબ્ધ કરાવેલ છે તેવી શાળાઓની સંખ્યા | ગણિત–વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| કુતિયાણા | ૫૩ | ૦૦ | ૦૦ | ૫૩ |
| પોરબંદર | ૧૧૭ | ૦૪ | ૦૮ | ૧૦૫ |
| રાણાવાવ | ૫૬ | ૦૨ | ૦૧ | ૫૩ |
| **કુલ** | **૨૨૬** | **૦૬** | **૦૯** | **૨૧૧** |

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા નથી, અને

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કુલ ૯૬ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા નથી.

તથા તાલુકાવાર કુલ ૨૧૧ શાળાઓમાં ગણિત–વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ)ની સુવિધા નથી.

(૩) ઉકત શાળાઓમાં કયાં સુધીમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે?

(૩) ઉક્ત સ્થિતિએ નામાંકનને આધારે પ્રાથમિક્તા આપી તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી બાકી રહેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને ગણિત–વિજ્ઞાન લેબ (સ્ટેમ લેબ)ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૧૬૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી મહેશ કશવાલા (સાવરકુંડલા)**

---

**પ્રશ્નઃ (૧) સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા શરૂ ક્યારે કરવામાં આવી?**

જવાબ : સમગ્ર શિક્ષા દ્વારા ધોરણ ૬ થી ૮ના બાળકો માટે સરકારી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં પ્રયોગ/પ્રવૃત્તિ કરવા માટે જરૂરી તમામ સાધન–સામગ્રી સહિત વર્ષ ૨૦૨૦–૨૧થી **ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ)** તૈયાર કરવામાં આવી છે. આ સાધનો ગણિત અને વિજ્ઞાનના જટિલ અને અઘરા મુદ્દાઓ રસપ્રદ રીતે સિદ્ધ કરવામાં મદદરૂપ થશે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૧૬૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા (પોરબંદર)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી દિવ્યેશ અકબરી (જામનગર દક્ષિણ)**

---

**પ્રશ્નઃ (૨)** **કોમ્પ્યુટર લેબમાં કયા કયા સાધનો આપવામાં આવે છે અને લેબ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે અને કોમ્પ્યુટર લેબમાં શૈક્ષણિક હેતુ માટે કયા કયા ઇ-કન્ટેન્ટ આપવામાં આવે છે અને તેનો ઉપયોગ કેવી રીતે થઇ શકે?**

**જવાબ :** કોમ્પ્યુટર લેબમાં શાળા દીઠ,

- **૧૫ નંગ** કોમ્પ્યુટર નેટવર્કીંગ સાથે
- **૧૫ નંગ** કોમ્પ્યુટર માટે જરૂરી ફર્નિચર (ટેબલ / કોટાસ્ટોન પ્લેટફોર્મ)
- **૩૦ નંગ** ખુરશીઓ ફાળવવામાં આવે છે.

જે માટે **લેબ દીઠ રૂ.૬,૫૦,૦૦૦/-** જેટલો ખર્ચ કરવામાં આવે છે.

➢ ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૧ થી ૧૨ના વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહો સહિતના તમામ વિષયો માટેના ઈ-કન્ટેન્ટ (૧૦૦ વિષયો અને ૧૫૦૦ જેટલા પ્રકરણ) સાથે માટે એક લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS) - "G-Shala (Gujarat Students' Holistic Adaptive Learning App)" તૈયાર કરવામાં આવેલ છે.

- સદર ઈ-કન્ટેન્ટ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ મુજબ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં વિકસિત થયેલ છે.
- જેમાં 2D-3D એનિમેટેડ વિડીયો, સંદર્ભ / પૂરક સામગ્રી, મૂલ્યાંકન માટેની પ્રશ્નબેંક, ડિજીટલ સ્વરૂપે પાઠ્યપુસ્તક, શબ્દ સંગ્રહ, શિક્ષકો માટે પૂર્વ વર્ગખંડ મોડ્યુલ અને વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિ માપન ડેશબોર્ડ જેવી સુવિધા છે.
- આ ઉપરાંત, સમગ્ર ઈ-કન્ટેન્ટ અધ્યયન નિષ્પત્તિ આધારિત છે, જેમાં વિદ્યાર્થીઓને ઈન્ટરેક્ટિવિટી, પ્રાયોગિક સિમ્યુલેશન અને સ્વતંત્ર રીતે સ્વ-અધ્યયન તેમજ સ્વ-મૂલ્યાંકનની સાથે સાથે પોતાની શૈક્ષણિક પ્રગતિની સમીક્ષા કરી તેમાં સુધારો કરવાની પૂરતી તકો મળી રહે છે.
- G-Shala એપનો ઓફલાઇન અને ઓનલાઇન એમ બંને રીતે ઉપયોગ થઇ શકે છે તેમજ ટેબ્લેટ, સ્માર્ટ ફોન, કોમ્પ્યુટર, લેપટોપ વગેરે જેવા ડિવાઇસથી કોઇ પણ સ્થળેથી તેનો ઉપયોગ થઇ શકે છે.
- G-Shala અંતર્ગત અત્યાર સુધીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત **કુલ ૩૦ લાખ**થી વધુનું રજીસ્ટ્રેશન નોંધાયેલ છે.

# પૂરક માહિતી

## ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ)

'મેં વાંચ્યું, હું ભૂલી ગયો, મેં જોયું, મને યાદ રહી ગયું, પણ મેં કરી જોયું, તો હું સમજી ગયો.'

આ સિદ્ધાંત અનુસાર વિદ્યાર્થીઓમાં સંકલ્પનાત્મક સમજ અને પ્રાયોગિક કૌશલ્ય વિકસાવવા માટે સમગ્ર શિક્ષા દ્વારા ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સરકારી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં પ્રયોગ/પ્રવૃત્તિ કરવા માટે જરૂરી તમામ સાધન–સામગ્રી સહીત વર્ષ ૨૦૨૦–૨૧ થી 'સ્ટેમ લેબ' તૈયાર કરવામાં આવી રહી છે. આ સાધનો ગણિત અને વિજ્ઞાનના જટિલ અને અઘરા મુદ્દાઓ રસપ્રદ રીતે સિદ્ધ કરવામાં મદદરૂપ થશે. નીચે મુજબના હેતુઓ સિદ્ધ કરવાના આશય સાથે આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

1. વિદ્યાર્થીઓ અનુભવજન્ય જ્ઞાન મેળવી શકે.
2. વિદ્યાર્થીઓને જાતે પ્રયોગો અને પ્રવૃતિઓ કરવાની તક મળે.
3. ગણિત અને વિજ્ઞાન જેવા અઘરા લાગતા વિષયોની વિવિધ સંકલ્પનાઓ સમજવી સરળ બને.
4. ગણિત–વિજ્ઞાનનું શિક્ષણ રસપ્રદ બને.
5. ગોખાણીપટ્ટી ને બદલે સમજયુક્ત શિક્ષણ બને.
6. માહિતીને બદલે આવડત ઉપર વધુ ભાર.
7. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવાય.
8. વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય.
9. વિદ્યાર્થીઓને નાની ઉંમરથી જ નવીન શોધખોળ કરવાની પ્રેરણા મળે.
10. શીખવાની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ સક્રિય ભાગીદારી વધે.
11. વિદ્યાર્થીઓને જાતે કાર્ય કરીને નવું જાણવા, સમજવા અને શોધવાનો આનંદ પ્રાપ્ત થાય.
12. શિક્ષકની વર્ગખંડ પ્રક્રિયા સરળ અને રસપ્રદ બને.

વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન રાજ્યની ૭૮૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ) તૈયાર કરી દેવામાં આવી છે. ત્યારબાદ તબક્કાવાર બીજી ૧૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં પણ ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ) તૈયાર કરી દેવામાં આવી છે. આમ, અત્યારે રાજ્યની કુલ ૧૭૮૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ) કાર્યરત છે. ભવિષ્યમાં તબક્કાવાર બાળકોની સંખ્યાને ધ્યાને લઈને રાજ્યની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ) તૈયાર કરવાનું આયોજન છે.

જે મુજબ વર્તમાન સ્થિતિએ પોરબંદર જિલ્લાની કુલ ૧૫ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ) આપવામાં આવેલ છે. સદર ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ)માં ૩૫૦ જેટલી સાધન–સામગ્રી પ્રત્યેક શાળામાં પહોંચાડવામાં આવી

છે. તેમજ ભવિષ્યમાં તબક્કાવાર બાળકોની સંખ્યાને ધ્યાને લઇ પોરબંદર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં તાલુકા મુજબ ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ) આપવાનું આયોજન છે.

અત્યારે રાજ્યની ૧૭૮૦ સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ ગણિત–વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ)ના આધુનિક સાધનોના ઉપયોગ દ્વારા પોતાના ગણિત અને વિજ્ઞાન વિષયના અધ્યયન બિંદુઓને સરળતાથી સમજી રહ્યા છે. ઉપરાંત બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થઇ રહ્યો છે અને શોધખોળ(સંશોધન)નો ગુણ વિકસી રહ્યો છે.

## કોમ્પ્યુટર લેબ

ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ કોમ્પ્યુટર લેબનો હેતુ બાળકોને શૈક્ષણિક પ્રક્રિયાઓમાં સર્જનાત્મક રીતે ભાગ લેવા માટે તૈયાર કરવાનું છે. રાષ્ટ્રનો સર્વાંગી સામાજિક–આર્થિક વિકાસ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા તરફ દોરી જતા સમાજની સ્થાપના, નિભાવ અને વિકાસની દ્રષ્ટિકોણ સાથે કોમ્પ્યુટર લેબ એ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર સહાયિત શિક્ષણ અને કોમ્પ્યુટર સાક્ષરતા પ્રદાન કરવાનું છે.કોમ્પ્યુટરનો એક માધ્યમ તરીકે ઉપયોગ કરી તમામ વિષયોના એકમોની ઓડિયો–વિડીયો (દ્રશ્ય–શ્રાવ્ય) માધ્યમથી સરળ રીતે સમજૂતી આપી શકાય તે માટે ગુજરાત સરકાર દ્વારા રાજ્યની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા વિક્સાવવામાં આવી રહી છે.

સદર કોમ્પ્યુટર લેબમાં શાળા દીઠ ૧૫ કોમ્પ્યુટર, નેટવર્કીંગ સાથે ૧૫ નંગ કોમ્પ્યુટર માટે જરૂરી ફર્નિચર (ટેબલ/કોટા સ્ટોન પ્લેટફોર્મ) અને બેઠક વ્યવસ્થા માટે ખુરશીઓ ફાળવવામાં આવનાર છે. કોમ્પ્યુટર લેબમાં G-Shala (Gujarat Students' Holistic Adaptive Learning App) ઈ–કન્ટેન્ટના ઉપયોગથી વર્ગખંડ કાર્ય, બાળકોનું મુલ્યાંકન તેમજ ઇન્ટરનેટથી ઓપનસોર્સ રીસોર્સીસ – ફ્રી કન્ટેન્ટના ઉપયોગથી શિક્ષણના વૈશ્વિક તરાહો પર શિક્ષણ આપવામાં આવનાર છે. G-Shala અંતર્ગત ધોરણ–૧ થી ૧૨ના ૧૦૦ જેટલા પાઠ્યપુસ્તકોના ૧૪૦૦થી વધારે પાઠો, ૬,૦૦૦થી વધારે એનિમેટેડ વિડીયો, વિવિધ મુદ્દાઓ પર ૭૦૦થી વધુ પ્રવૃત્તિઓ, વિજ્ઞાન વિષય માટે વર્ચ્યુઅલ લેબ, ૩૮૦૦થી વધુ મૂલ્યાંકન ટેસ્ટ અને ૫૩,૦૦૦થી વધુ પ્રશ્નો સાથેની પ્રશ્ન બેંકનો સમાવેશ થાય છે. G-Shala એપમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં ઈ–કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવેલ છે.

કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ મારફત વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને સુધારવા અને કોમ્પ્યુટર શિક્ષણ પ્રદાન કરવા માટે રાજ્યની ૫૭૬૫ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા વિક્સાવવામાં આવી રહી છે, જે પૈકી ૫૪૫૩ શાળાઓમાં કોમ્પ્યુટર લેબનું ઇન્સ્ટોલેશન પૂર્ણ થયેલ છે જ્યારે ૩૧૨ શાળાઓમાં બાંધકામ–મરામતની કામગીરી કાર્યરત હોઈ ઇન્સ્ટોલેશન પ્રગતિમાં છે. આ ઉપરાંત, વધુ ૯૩૨૭ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિક્સાવવા માટે વર્કઓર્ડર આપી દેવામાં આવેલ છે અને જે અંગે ડિલીવરી અને ઇન્સ્ટોલેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. આમ, રાજ્યમાં કુલ ૧૫૦૯૨ સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ ૧૫૨૫૬ કોમ્પ્યુટર લેબ વિક્સાવવામાં આવનાર છે.

વધુમાં, રાજ્યની ૧૪૮૯ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા વિક્સાવવામાં આવી રહી છે, જે પૈકી ૪૬૮ શાળાઓમાં કોમ્પ્યુટર લેબનું ઇન્સ્ટોલેશન પૂર્ણ થયેલ છે જ્યારે ૧૦૨૧ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિક્સાવવા માટે વર્કઓર્ડર આપી દેવામાં આવેલ છે અને જે અંગે ડિલીવરી અને ઇન્સ્ટોલેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.

આ ઉપરાંત, રાજ્યની કુલ ૩૭૬૩ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૪૩૧૪ કોમ્પ્યુટર લેબ વિક્સાવવા માટે વર્કઓર્ડર આપી દેવામાં આવેલ છે અને જે અંગે ડિલીવરી અને ઇન્સ્ટોલેશનની કામગીરી શરૂ થવામાં છે.

# ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળા

**પૂરક પ્રશ્ન** **પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓના બાળકો માટે ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળા દ્વારા કેટલી શાળાઓમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે?**

જવાબ : પોરબંદર જિલ્લામાં શરૂઆતના તબક્કામાં પોરબંદર તાલુકાની ૦૪, રાણાવાવ તાલુકાની ૦૨ તેમજ કુતિયાણા તાલુકાની 00 શાળાઓમાં સાથે મળીને કુલ-૦૬ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન લેબ (સ્ટેમ લેબ) ઉપલબ્ધ કરાવવામાં આવેલ.

**પૂરક પ્રશ્ન** **પોરબંદર જિલ્લામાં 31.12.2023ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાઓના બાળકો માટે ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળા દ્વારા કેટલી શાળાઓમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે?**

જવાબ : પોરબંદર જિલ્લામાં પોરબંદર તાલુકાની ૦૮, રાણાવાવ તાલુકાની ૦૧ તેમજ કુતિયાણા તાલુકાની 00 શાળાઓમાં મળીને કુલ ૦૯ શાળાઓમાં ગણિત-વિજ્ઞાન લેબ (સ્ટેમ લેબ) દ્વારા શિક્ષણ આપવામાં આવનાર છે.

**પૂરક પ્રશ્ન** **પોરબંદર જિલ્લાની શાળાઓમાં ક્યાં સુધી ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે?**

જવાબ : ભવિષ્યમાં તબક્કાવાર બાળકોની સંખ્યાને ધ્યાને લઈ પોરબંદર જિલ્લાની ધો ૬ થી ૮ની સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળા(સ્ટેમ લેબ) આપવાનું આયોજન છે.

# કોમ્પ્યુટર લેબ

**પૂરક પ્રશ્ન** **શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર અથવા કોમ્પ્યુટરની મદદથી અભ્યાસ કેવી રીતે કરવો તે કોણ શીખવે છે?**

જવાબ :

- કોમ્પ્યુટર લેબના ઉપયોગ બાબતે શાળાના મુખ્ય શિક્ષકશ્રી / આચાર્યશ્રીની નોડલ પર્સન તરીકે અને કોમ્પ્યુટર લેબ માટે એક ઇનચાર્જ શિક્ષક નિયત કરી તેમની આસીસ્ટન્ટ નોડલ પર્સન તરીકેની જવાબદારી નિયત કરવામાં આવે છે.
- કોમ્પ્યુટરના માધ્યમથી શિક્ષણ માટે શાળા કક્ષાએ જરૂરી ઇ–કન્ટેન્ટ પુરા પાડવામાં આવે છે તેમજ આ ઇ–કન્ટેન્ટ અને કોમ્પ્યુટરના ઉપયોગથી વિષય શિક્ષણમાં ઉપયોગ માટે શિક્ષક તાલીમ યોજી શિક્ષકોને તાલીમબદ્ધ કરવામાં આવે છે.
- વધુમાં, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩–૨૪ માટે જરૂરી બજેટ જોગવાઇ કરીને શાળા કક્ષાએ જ્ઞાન સહાયકની નવી પોસ્ટ ઉભી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવશે. જેથી શાળા કક્ષાએ કોમ્પ્યુટર લેબના મહત્તમ ઉપયોગ અને અન્ય વહીવટી કામગીરીમાં મદદ મળી શકે.

**પૂરક પ્રશ્ન** **સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિકસાવવા બાબતે સમગ્ર રાજ્યનું ચિત્ર કેવું છે?**

જવાબ : રાજ્યની ૫૭૬૫ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા વિકસાવવામાં આવી રહી છે, જે પૈકી ૫૪૫૩ શાળાઓમાં કોમ્પ્યુટર લેબનું ઇન્સ્ટોલેશન પૂર્ણ થયેલ છે જ્યારે ૩૧૨ શાળાઓમાં બાંધકામ–મરામતની કામગીરી કાર્યરત હોઇ ઇન્સ્ટોલેશન પ્રગતિમાં છે. આ ઉપરાંત, વધુ ૯૩૨૭ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિકસાવવા માટે વર્કઓર્ડર આપી દેવામાં આવેલ છે અને જે અંગે ડિલીવરી અને ઇન્સ્ટોલેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. આમ, રાજ્યમાં કુલ ૧૫૦૯૨ સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ ૧૫૨૫૬ કોમ્પ્યુટર લેબ વિકસાવવામાં આવનાર છે.

**પૂરક પ્રશ્ન** **સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિકસાવવા બાબતે સમગ્ર રાજ્યનું ચિત્ર કેવું છે?**

જવાબ : રાજ્યની ૧૪૮૯ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા વિકસાવવામાં આવી રહી છે, જે પૈકી ૪૬૮ શાળાઓમાં કોમ્પ્યુટર લેબનું ઇન્સ્ટોલેશન પૂર્ણ થયેલ છે જ્યારે ૧૦૨૧ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિકસાવવા માટે વર્કઓર્ડર આપી દેવામાં આવેલ છે અને જે અંગે ડિલીવરી અને ઇન્સ્ટોલેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.

**પૂરક પ્રશ્ન** **અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિક્સાવવા બાબતે સમગ્ર રાજ્યનું ચિત્ર કેવું છે?**

જવાબ : રાજ્યની કુલ ૩૭૬૩ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૪૩૧૪ કોમ્પ્યુટર લેબ વિક્સાવવા માટે વર્કઓર્ડર આપી દેવામાં આવેલ છે અને જે અંગે ડિલીવરી અને ઈન્સ્ટોલેશનની કામગીરી શરૂ થવામાં છે.